પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગસ્ટ, ૨૦૧૭, સોમવાર ; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ૩૬૦ ફૂટ ઉંચાઈએ ત્રિરંગો ફરકાવાશે



ભારતનો સૌથી ઊંચાઈ પર ત્રિરંગો ફરકાવી વિક્રમ નોંધાવાશે. વાઘા બોર્ડર ઉપર ૧૫મી ઓગષ્ટે ૩૬૦ ફૂટની ઊંચાઈ પર રાષ્ટ્રધ્વજ લહેરાવાશે.

### ૯.૩ કરોડ પાનકાર્ડ આધારકાર્ડ સાથે જોડાયા

નાણાં મંત્રાલય દ્વારા આરંભાયેલા અભિયાનના પ્રથમ બે માસમાં ૯.૩ કરોડ પાનકાર્ડ આધારકાર્ડ સાથે લિંકઅપ કરાયા છે. જે અંદાજે ૩૦ ટકા મનાય છે. દેશમાં કુલ ૩૦ કરોડ પાનકાર્ડ હોલ્ડર છે.

### ૪૦.૭૩ લાખની નકલી નોટો પકડાઈ

સૂરત ખાતે ૪૦.૭૩ લાખની નકલી નોટો સાથે ચાર શખ્સોને પોલીસે પકડી લીધા હતા.

### સ્વાઈન ફ્લુના નવા વધુ ૧૧૧ કેસ

રાજ્ય સરકારની યાદી મુજબ રવિવારે વધુ ૧૧૧ કેસ પોઝીટીવ નોંધાયા હતા. સ્વાઈનફ્લુના કારણે આજે વધુ ૧૩ દર્દીઓના મોત થયા. રાજ્યનો મૃત્યુઆંક ૧૮૦ ઉપર પહોંચ્યો છે.

# હિમાચલના મંડીમાં ભૂસ્ખલનથી ૬૦ના મોતની શંકા

**પહાડમાંથી ટુકડો ધસી પડતાં ભીષણ દુર્ઘટના સર્જાઈ : બે બસો દબાઇ જતા ૬૦ના મોતની આશંકા : અનેક લાપતા, ઘરો, બે બસ, વાહનો જમીનદોસ્ત : નેશનલ હાઇવે ૨૧ બંધ**



શિમલા,તા.૧૩

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના કોટરોપી પાસે ભૂસ્ખલન થયું છે. હિમાચલ પ્રદેશના જોગેન્દરનગર નજીક પઠાનકોટ-મંડી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર શનિવારે મોડી રાત્રે લગભગ ૧ વાગ્યે કોટરૂપી નજીક ભૂસ્ખલન થયું છે. હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં ભીષણ ભૂસ્ખલનથી હિમાચલ રોડવેજની બે બસોમાં યાત્રા કરી રહેલા ૬૦ યાત્રીઓના માર્યા જવાની આશંકા દર્શાવવામાં આવી છે. મ.પ્રદેશ સરકારના પરિવહન મંત્રીએ પુષ્ટિ કરી છે.

આ અકસ્માત શનિવાર મોડી રાત્રે થયો છે. એક પહાડના ધસી પડવાથી આખો કોટરૂપી કસબો અને ૨ બસો ભૂસ્ખલનથી ધસી પડેલા પહાડી વિસ્તારની નીચે દબાયા છે.

હાલ આ દુર્ઘટનામાં ૮ લોકોના મોતના અહેવાલોની પુષ્ટિ કરાઈ હોવાના અહેવાલો છે. જો કે ભૂસ્ખલનમાં હજી ઘણાં લોકો દબાયા હોવાની આશંકા છે. હિમાચલ પ્રદેશના કોટરૂપી કસબા ખાતે ૨ બસો રાત્રે રોકાઈ હતી. ત્યારે ભૂસ્ખલનમાં પહાડી ધસી પડતા ૨ બસો તેની ઝપટમાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ત્રીજી ટેસ્ટ મેચમાં શ્રીલંકાને ફરી ફોલોઓનની પડેલી ફરજ

**શ્રીલંકા ઉપર સતત ત્રીજી હારનું તોળાતુ સંકટ : ભારતના પ્રથમ દાવમાં ૪૮૭ રન આઉટના જવાબમાં શ્રીલંકાની ટીમ ૧૩૫માં તંબુ ભેગી : કુલદિપનો તરખાટ**



કેન્ડી,તા. ૧૩

કેન્ડીના મેદાન ખાતે રમાઈ રહેલી ત્રીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે બીજા દિવસે ભારતના પ્રથમ દાવમાં ૪૮૭ રન ઓલઆઉટના જવાબમાં શ્રીલંકાની ટીમ તેના પ્રથમ દાવમાં માત્ર ૧૩૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી જેથી તેને ફરી એકવાર ફોલોઓનની ફરજ પડી હતી. ભારત તરફથી કુલદિપ યાદવે ૪૦ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વિન અને સામીએ બે-બે વિકેટ ઝડપી હતી. શ્રીલંકા તરફથી ચાંદીમલે સૌથી વધુ ૪૮ રન બનાવ્યા હતા. નિયમિત ગાળામાં શ્રીલંકાએ વિકેટો ગુમાવી હતી. આજે રમત બંધ રહી ત્યારે શ્રીલંકાએ બીજા દાવમાં પણ એક વિકેટ ગુમાવીને ૧૯ રન કર્યા હતા. શ્રીલંકા ઉપર ઈનિંગ્સની હારનું સંકટ તોળાઈ રહ્યું છે. ભારતીય ટીમ સતત ત્રીજી ટેસ્ટ મેચ જીતવા માટે ઉત્સુક છે. આવતીકાલે ભારત આ સિદ્ધિ મેળવી લે તેમ પણ માનવામાં આવે છે. શ્રીલંકન બેટ્સમેનો હાલમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સ્વાઈન ફલૂનો કહેર

**વધુ ૧૩ના મોત : રાજ્યમાં વધુ ૧૧૧ નવા કેસ નોંધાયા : અમદાવાદ, રાજકોટમાં વધુ ૪-૪ના મોત**

ગાંધીનગર, તા.૧૩

રાજ્યભરમાં સ્વાઈન ફ્લુનો કહેર દિન-પ્રતિદિન વધતો જાય છે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે, સમગ્ર ગુજરાત સ્વાઈન ફ્લુના ભરડામાં આવી ગયું છે. આજે દિવસ દરમિયાન સ્વાઈન ફ્લુના ૧૧૧ નવા કેસ નોંધાયા છે. અને ૧૩ દર્દીઓ મોત પામતા હાહાકાર મચ્યો છે. આજ સુધી રાજ્યમાં સ્વાઈન ફ્લુથી મૃત્યુ આંક ૧૯૦ને આંબી ગયો છે. આજે અમદાવાદમાં ૪૧, વડોદરામાં ૧૫, સુરતમાં ૧૨, કચ્છ - સાબરકાંઠામાં ૫-૫, અમદાવાદ અને ભાવનગર જિલ્લમાં ૪-૪, જ્યારે વડોદરા, સુરેન્દ્રનગર, અમરેલી, ગાંધીનગર જીલ્લામાં બે-બે કેસ નવા નોંધાયા છે.

રાજયમાં આજ સુધીમાં ૧૬૦૯ સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાંથી ૬૨૭ની સારવાર બાદ સ્વસ્થ બન્યા છે. જ્યારે ૭૯૨ દર્દીઓ જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

રાજ્યભરમાં સ્વાઈનફલૂના વધતા જતા કેસને નિયંત્રણમાં લેવા માટે યુધ્ધના ધોરણે કાર્યવાહી કરવામા આવી રહી હોવાના તંત્ર તરફથી અનેક પ્રકારના દાવાઓ કરવામા આવી રહ્યા છે આમ છતાં અમદાવાદ શહેરમાં સ્વાઈનફલૂના કેસો હજુ સુધી નિયંત્રણમાં આવ્યા નથી.અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈનફલૂના વધુ ૫૪ કેસ નોંધાવા પામ્યા છે જ્યારે વધુ ચાર લોકોના મોત થવા પામતા કુલ મૃત્યુઆંક ૪૩ ઉપર પહોંચવા પામ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈન્ચાર્જ મેડીકલ

● અનુસંધાન પાન-૭ પર

**રાજ્યમાં સ્વાઈન ફ્લુનો આતંક**

| | |
|---|---|
| કુલ કેસ નોંધાયા | ૧૬૦૯ |
| સારવાર બાદ સ્વસ્થ | ૬૨૭ |
| સારવાર હેઠળ | ૭૯૨ |
| રવિવારે નવા કેસ | ૧૧૧ |
| રવિવારના મૃત્યુ | ૧૩ |
| કુલ મૃત્યુ | ૧૯૦ |




# આસામમાં પુરની સ્થિતિ વણસી

**સેના બચાવ કાર્યમાં : પુરના નવેસરના મોજામાં ૧૪ના મોત થયા : આસામમાં ૩૩ જિલ્લા પૈકી ૨૧ જિલ્લામાં હાલત કફોડી : બિહાર, બંગાળ, ત્રિપુરામાં પુરની સ્થિતિ**

નવીદિલ્હી,તા. ૧૩

આસામમાં ફરી એકવાર પુરની સ્થિતિ ગંભીર બની ગઈ છે. ૩૩ જિલ્લાઓ પૈકી ૨૧ જિલ્લાઓમાં પુરની સ્થિતિ પ્રવર્તી રહી છે. બચાવ અને રાહત કામગીરી માટે ફરી એકવાર સેનાને બોલાવી લેવામાં આવી છે. રાજ્યમાં પુરના બીજા મોજાના લીધે પણ તંત્ર અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પ્રથમ રાઉન્ડમાં ૮૫ લોકોના મોત થયા હતા અને ૧૯ લાખને અસર થઈ હતી. એપ્રિલથી જુલાઈ વચ્ચેના ગાળામાં આ ૮૫ મોત થયા હતા. હવે બીજા દોરમાં વધુ ૧૪ લોકોના મોત થયા છે. એરફોર્સને પણ બચાવ કામગીરી માટે તૈનાત રાખવામાં આવી છે. આઈએએફને સ્ટેન્ડ બાય ઉપર રખાય છે. આસામમાં નવેસરના પુરના કારણે ૨૧ જિલ્લામાં આશરે ૩.૫૫ લાખ લોકોને માઠી અસર થઈ છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અહેવાલ મુજબ ઉત્તર પૂર્વીય રાજ્યના ૨૧ જિલ્લાઓના ૭૮૧થી વધુ ગામમાં સાડા ત્રણ લાખથી વધુ લોકોને અસર થઈ છે. બ્રહ્મપુત્ર નદીના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદના કારણે નવેસરથી પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. ૨૦ હજાર હેક્ટર પાક ભૂમિ પુરના પાણીમાં આવી ગઈ છે. હાલમાં ૩૯ રાહત કેમ્પોમાં ૧૪૦૦૦ જેટલા લોકોને રાખવામાં આવ્યા છે. છેલ્લા મહિના બાદથી નવેસરના પુરના કારણે હેમાજી, લખીમપુર અને બારપેટા સહિતના ૧૫ જિલ્લા અસરગ્રસ્ત થયેલા છે.

## છ મહત્વના કાયદાને રાષ્ટ્રપતિની બહાલી

નવીદિલ્હી,તા. ૧૩

રાષ્ટ્રપતિ તરીકેની જવાબદારી સંભાળ્યાના ત્રણ સપ્તાહમાં જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે છ ચાવીરુપ કાયદાઓને લીલીઝંડી આપી દીધી છે જેમાં એક કાયદો એવો છે જેમાં મેરિટાઈમ ક્લેઈમના કેસોમાં ટ્રાયલના અધિકાર ક્ષેત્રમાં વધારવાની બાબતનો સમાવેશ થાય છે. જુદી જુદી કોર્ટમાં જહાજોના ડિટેન્શન અને ધરપકડ જેવી બાબતો આમા સામેલ છે. રાષ્ટ્રપતિ તરફથી જે કાયદાઓને મંજુરી મળી છે તેમાં મેરિટાઈમ કલેઈમ્સ એક્ટ ૨૦૧૭નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૫૬ વર્ષ જુના કોર્ટ એક્ટ ૧૮૬૧ અને ૧૨૭ વર્ષ જુના કાયદાનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૧૫ સુધી ૧૧ લાખ શિક્ષકોની નિમણૂં કરવામાં આવી ચુકી છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

